


## વાવોલમાં ક્વેસ્ટ સેન્ટરનો શુભારંભ

લાયન્સ ક્લબ ગાંધીનગર દ્વારા એમ.બી. પટેલ સ્કૂલ વાવોલ ખાતે ક્વેસ્ટ સેન્ટરના વર્ગોની શરૂઆત કરવામાં આવી. લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલનો લાયન્સ ક્વેસ્ટ પ્રોગ્રામ સ્કૂલમાં ભણતા બાળકોનું ઘડતર કરવાનો છે. આ પ્રોગ્રામ થકી તેઓ સમાજના સારા નાગરીક તરીકેનો ગુણો વિકસાવે તથા બાળકોનું ઘડતર થાય તે આ પ્રોગ્રામનો મુખ્ય આશય છે. એમ.બી. પટેલ સ્કૂલ વાવોલ ખાતે લાયન્સ ક્વેસ્ટના ૧૦ વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. આ પ્રસંગે લાયન્સ ક્લબના પ્રમુખ ડૉ. જયંતિભાઈ પ્રજાપતિ, મંત્રી ઉમંગ પંડ્યા, ટ્રેઝરર શૈલેષ પટેલ, લાયન્સ ક્વેસ્ટના ડીસ્ટ્રીક ૩ ૨ ઉના ડિસ્ટ્રીકટ ચેરમેન સૌદામીનીબેન પટેલ, લાયન્સ ક્વેસ્ટના કાર્યકારી ચેરમેન રઘુસિંહ ગોલ, ઉપપ્રમુખ નયન મધુકર, મોહનભાઈ પરમાર, ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ હરિષભાઈ ત્રિવેદી, જીતેન્દ્રસિંહ સોલંકી, વિજયભાઈ કંસારા, જશવંતસિંહ રહેવર તથા લાયન્સ સભ્યો હાજર રહ્યા હતા. સ્કૂલના બાળકોને પણ આ પ્રોગ્રામમાં જોડાવાની ખુશી નજરે તરી આવતી હતી. આ પ્રસંગે વર્ગો શરૂ કરવા બદલ એમ.બી. પટેલ સ્કૂલના ટ્રસ્ટી અમરસિંહજી ગોલ લાયન્સ પ્રમુખે આભાર માન્યો હતો.

# ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષાનું ૨૨.૦૨ ટકા પરિણામ

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૨ સામાન્ય પ્રવાહ વ્યવસાયલક્ષી પ્રવાહની જુલાઈ-૨૦૧૫માં લેવાયેલી પૂરક પરીક્ષાનું રાજ્યનું સમગ્ર પરિણામ ૨૨.૦૨ ટકા જાહેર કરવામાં આવ્યું છે.

જુલાઈ-૨૦૧૫માં લેવાયેલી ધો. ૧૨ સામાન્ય પ્રવાહ વ્યવસાયલક્ષી પ્રવાહ તથા ઉચ્ચત્તર પ્રમાણપત્ર પ્રવાહની પરીક્ષામાં કુલ ૨૯૩૧૩ પરીક્ષાર્થીઓ નોંધાયા હતા તે પૈકી ૧૫૭૧૫ ઉમેદવારો પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા અને ૩૪૬૧ પરીક્ષાર્થીઓ પાસ તથાં જુલાઈ-૨૦૧૫ની આ પૂરક પરીક્ષાનું રાજ્યનું સમગ્ર પરિણામ ૨૨.૦૨ ટકા આવેલ છે.

પૂરક પરીક્ષાના જાહેર થયેલ પરિણામમાં રાજ્યનું વિદ્યાર્થીઓનું ૧૯.૪૩ ટકા અને વિદ્યાર્થીનીઓનું ૨૮.૫૯ ટકા મળી કુલ ૨૨.૦૨ ટકા પરિણામ આવેલ છે.

પૂરક પરીક્ષાના પરિણામમાં સૌથી વધુ પરિણામ ૩૯.૦૫ ટકા તાપી જિલ્લાનું આવ્યું છે. જ્યારે સૌથી ઓછુ ૧૬.૦૮ ટકા પરિણામ જૂનાગઢ જિલ્લાનું છે.

પૂરક પરીક્ષામાં ગેરરીતિના ૨૧ કેસો થયા છે.




## પૂ. દ્વારકેશલાલજી મહારાજને ગ્લોરી ઓફ ગુજરાત એવોર્ડ એનાયત

અમદાવાદ સ્થિત શ્રી કલ્યાણ પુષ્ટિ હવેલી અને શ્રી કલ્યાણરાયજી મંદિરના ષષ્ઠપીઠાધિશ્વર વૈષ્ણવાચાર્ય પૂ. દ્વારકેશલાલજી મહારાજને ગ્લોરી ઓફ ગુજરાતથી સન્માનિત કરવામાં આવ્યા છે. ગુજરાતના રાજયપાલ ઓમપ્રકાશ કોહલીના હસ્તે રાજભવન-ગાંધીનગર ખાતે શુક્રવાર તા. ૨૪ જુલાઈએ વૈષ્ણવાચાર્યને ગ્લોરી ઓફ ગુજરાત એવોર્ડ એનાયત થયું છે. ઈન્ડિયન કાઉન્સીલ ઓફ સોશિયલ વેલ્ફેરની ગુજરાત શાખા દ્વારા સામાજિક કલ્યાણ, સંસ્કૃતિના પ્રચાર-પ્રસાર, આર્થિક, ધાર્મિક અને સંશોધન ક્ષેત્રોમાં વિશિષ્ઠ કામગીરી માટે ગ્લોરી ઓફ ગુજરાત એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે. જે અંતર્ગત વૈષ્ણવાચાર્ય પૂ. દ્વારકેશલાલજી મહારાજને આ એવોર્ડ માટે પસંદગી થઈ હતી. વૈષ્ણવાચાર્ય પૂ. દ્વારકેશલાલજી મહારાજ ૧૯ વર્ષની વયે જાહેરજીવન-ધાર્મિક ક્ષેત્ર સાથે સંકળાયા હતા. તેમણે પુષ્ટિ યુથના માધ્યમથી યુવાનોને મુંઝવતા પ્રશ્નોનું સમાધાન આપવા કાઉન્સેલિંગની સુવિધા શરુ કરાવી છે. આ ઉપરાંત દેશ વિદેશના યુવાનોમાં સંસ્કાર સિંચન હેતુ યુવા શિબિરો યોજવાનો ક્રમ આજે પણ યથાવત રહ્યો છે.

# સુરક્ષા સેતુ અંતર્ગત વિદ્યાર્થીનીઓનો સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૫

સુરક્ષા સેતુ પ્રોજેક્ટ હેઠળ ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા કડી સંકુલમાં શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા હાયર સેકન્ડરી સ્કૂલમાં મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ હતી. જેમાં ૨૮૮ વિદ્યાર્થીનીઓએ તાલીમ લીધી હતી. આ વિદ્યાર્થીનીઓને કરાટેની વિવિધ પ્રહાર કરવાની તથા બચાવ કરવાની ટેકનિકનું શિક્ષણ આપવામાં આવેલ હતુ. કરાટે-એકેડેમીના નિષ્ણાંતશ્રી સુરજ ત્રિપાઠી તથા શ્રી દુષ્યંત યાદવ દ્વારા આપવામાં આવેલ હતુ.

શિબિરના સમાપન પ્રસંગે કરાટે એકેડેમીના વડા શ્રી અરવિંદભાઈ રાણા, મહિલા પો.સ.ઈ. શ્રી એમ. આઈ. પુવાર, એકેડેમી સહયોગી અવિરાજ ચૌધરી, આચાર્યા સુધાબેન પટેલ, સુપરવાઈઝર શ્રીમતી દિલહરબા, ગીતેશભાઈ, ગીતાબેન, શ્રી જશુભાઈ સુતરીયા, રમેશભાઈ પટેલ, કમલેશભાઈ શર્મા, નારણભાઈ બારોટ ઉપસ્થિત રહ્યા હતા. તાલીમાર્થીઓને પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી રમેશભાઈ પટેલે કર્યું હતું.

# ઉવારસદ ગામમાં યુવાનની ગળે ટુંપો દઈ હત્યા

## હત્યાનું રહસ્ય અકબંધ પત્ની પર શંકાની સોય

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર નજીકના ઉવારસદ ગામમાં રહેતા ૨૮ વર્ષિય યુવાનની હત્યા થઈ જતાં ચકચાર મચી જવા પામી છે. ઘરની ઓરડીમાં રાત્રે સુઈ ગયેલા યુવાન સવારે મૃત હાલતમાં મળ્યો હતો. ગળે ટુંપો આપી કોઈએ યુવાનની હત્યા કરી નાખી હોવાનું ધ્યાને આવ્યું છે. અડાલજ પોલીસે હત્યાનો ગુનો નોંધી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ હત્યા પાછળ પત્ની શંકાના દાયરામાં આવી છે.

ઉવારસદ ગામના શૈલેશજી ઉદાજી ઠાકોર ગઈરાત્રે ઘરની ઓરડીમાં સુઈ ગયા હતા. વહેલી સવારે શૈલેશજી પથારીમાં જ મૃત હાલતમાં પડ્યા હતા. ઘટનાની જાણ અડાલજ પોલીસને થતાં સીનીયર પીઆઈ કે.કે. પંડ્યા તેમની ટીમ સાથે પહોંચી ગયા હતા. ઘટના સ્થળે એફએસએલ બોલાવી વૈજ્ઞાનિક ઢબે તપાસ શરૂ કરી હતી. પ્રાથમિક તબક્કે અકસ્માત મોતનો ગુનો નોંધી યુવાનનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયો હતો. બારીકાઈથી થયેલી તપાસમાં ગળાના ભાગે અર્ધગોળ નિશાન શંકાસ્પદ જણાતા યુવાનની હત્યા કરી દેવાઈ હોવાનું ધ્યાને આવ્યું છે. જેના આધારે પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પડોશીઓના લેવાયેલ નિવેદનો અને બનાવના સંજોગો તપાસતા હત્યાની શંકા તેની જ પત્ની પર જન્મી છે. જો કે તે દિશામાં પણ ઊંડી તપાસ ચાલી રહી છે.

# ફોટોગ્રાફર તુષાર અજમેરાનું કેન્ડીડ વેડિંગ ફોટોગ્રાફી એક્ઝિબીશન લંડન ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

છેલ્લા ત્રણ દશકાથી પણ વધુ સમયથી ફોટોગ્રાફીના વ્યવસાયમાં કાર્યરત અમદાવાદના ફોટોગ્રાફર તુષાર અજમેરાનું 'કેન્ડીડ વેડિંગ ફોટોગ્રાફી એક્ઝિબીશન' તા. ૧ અને ૨ ઓગષ્ટના રોજ લંડનના હેરોલુઈઝ સેન્ટર ખાતે યોજાશે. આ ઉપરાંત તા. ૨૬ અને ૨૭ સપ્ટેમ્બર મધ્ય લંડનમાં આવેલા કાર્ડીફ સેન્ટરમાં ફરીવાર યોજાનાર છે.

પ્રથમ એક્ઝિબીશનમાં તુષાર અજમેરાના કુલ ૧૩૮ ફોટાઓ ડિસ્પ્લે કરાશે જેમાંથી ૭૮ ફોટોગ્રાફ્સ સિંગલ વેડિંગ, ૨૨ ફોટોગ્રાફ્સ અધર સિંગલ વેડિંગ અને ૩૮ ફોટોગ્રાફ્સ વિવિધ સ્થાપત્યો અંગેના છે. આ સ્થાપત્યોમાં અમદાવાદ શહેરની પોળો, કોટ વિસ્તાર, અડાલજની વાવ અને પાલીતાણા જૈન મંદિરની કોતરણી વગેરેનો સમાવેશ કરાયો છે. તુષાર અજમેરા જણાવે છે કે વેડિંગ ફોટોગ્રાફી એક સંપૂર્ણ કલા છે. આ માત્ર વર-વધુની લગ્નવિધિના ફોટોગ્રાફ્સ લેવા પુરતી મર્યાદિત નથી. લગ્ન એવો સમય છે જ્યારે યુગલ તેમની નવી જીંદગીનો પ્રારંભ કરે છે અને તેમના સહિત તેમના કુટુંબોના જીવનમાં પણ બદલાવ આવે છે. લગ્નની સમગ્ર પ્રક્રિયાની સેકન્ડસ-માઈક્રો સેકન્ડ્સમાં વર-વધુ તેમજ તેમના કુટુંબીજનોની લાગણી અને વિચારોના મહાસાગરથી તરબતર હોય છે. તુષાર અજમેરાના મતે ભારતીય સંસ્કૃતિના લગ્નવિધિ જીવન અને લાગણીઓથી ભરપૂર સંભારણુ બની જાય છે.

# ગાંધીનગરનો જય ગઢવી આજે એન્ડ ટી.વી. પર ચમકશે

સુપર સિંગર ગાંધીનગર વિજેતા જય ગઢવી આજે ધ વોઈસ ઓફ ઈન્ડિયા કાર્યક્રમમાં પરફોર્મ કરશે. દર શનિવાર અને રવિવારે રાત્રે ૯ થી ૧૦ વાગ્યા દરમિયાન એન્ડ ટી.વી. ઉપર ધ વોઈસ ઓફ ઈન્ડિયા પ્રસારિત થાય છે. હિમેશ રેશમીયા, શાન, મિકાસિંઘ અને સુનિધી ચૌહાણ દ્વારા હોસ્ટ કરવામાં આવે છે. આ સંગીતના કાર્યક્રમમાં આજે સાંજે ગાંધીનગરનો જય ગઢવી સુરો રેલાવશે. જય ગઢવીએ ગાંધીનગરમાં જેસીઆઈ દ્વારા યોજાયેલ સુપર સિંગર સ્પર્ધામાં પણ અવ્વલ નંબર મેળવ્યો હતો.

# આજે ડો. કાન્તિ શેખાતના માતુશ્રી નાથીબાનું બેસણુ

ગાંધીનગર, તા. ૨૫

શહેરના ખ્યાતનામ સ્કીન નિષ્ણાત તબીબી ડૉ. કાન્તિભાઈ શેખાતના માતૃશ્રી અને ડૉ. નીતાબેન શેખાતના સાસુશ્રી નાથીબાનું ગત ૨૩ જુલાઈના રોજ નિધન થયું છે. સ્વર્ગસ્થનું બેસણુ આજરોજ રવિવારે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સેક્ટર-૧૨ સ્થિત સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ ઉમિયા માતાજીના મંદિર પાછળ રાખેલ છે.

# 'કટપ્પાને બાહુબલી કો ક્યું મારા ?' આરટીઆઈ કરી જવાબ માંગ્યો

## બાહુબલી ફિલ્મનો ક્રેઝ યુવાનોમાં જબરદસ્ત ફેલાયો

ગાંધીનગર, તા. ૨૫

તાજેતરમાં દેશભરમાં રીલીઝ થયેલ સાઉથની હિન્દી ડબીંગ કરાયેલ ફિલ્મ બાહુબલીની ગાંધીનગર સહિત સમગ્ર દેશમાં સુપરહીટ સાબિત થઈ રહી છે. આ ફિલ્મે ઈદના તહેવાર પર રજૂ થયેલ સલમાન ખાનની બજરંગી ભાઈજાનને પણ જોરદાર ટક્કર આપી બોક્સ ઓફિસ પર ટંકશાળ પાડી દીધી છે. ગાંધીનગરના ફિલ્મ રસિયાઓમાં પણ ચોતરફ માત્ર બાહુબલીની જ ચર્ચા છે. તેમજ સોશયલ મિડીયા જેવા કે વ્હોટ્સએપ અને ફેસબુક પર પણ બાહુબલી છવાઈ ગયું છે. બાહુબલીનો ક્રેઝ યુવાનોમાં એટલી હદે ફેલાયો છે કે બરવાળા બાવળ ગામના નિકુંજ વલ્લભભાઈ પટેલે વડીયાના મામલતદાર સમક્ષ આરટીઆઈ અરજી કરીને પુછ્યુ છે કે 'કટપ્પાને બાહુબલી કો ક્યું મારા ?'



## અક્ષરધામ પાસેથી બાઈક ચોર પકડાયો

ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી તેમની ટીમના જયવિરસિંહ અને કિરિટભાઈએ બાતમીને આધારે અક્ષરધામ પાસેથી એક બાઈકચોરને ઝડપી પાડયો છે. નારણપુરા પોલીસ સ્ટેશનની હદમાંથી બાઈકચોરી કરી હોવાનું બહાર આવતા તેની ધરપકડ બાદ અમદાવાદ પોલીસને ટ્રાન્સફર વોરંટથી આરોપી શંભુજી વિશાજી ઠાકોરને સોંપી દેવામાં આવ્યો છે.



## લાયન્સ, લાયોનેસ ક્લબે ક્વેસ્ટ સેન્ટરનો શુભારંભ

લાયન્સ અને લાયોનેસ ક્લબ દ્વારા સેક્ટર-૭ સ્થિત ચૌધરી કોલેજમાં ક્વેસ્ટ સેન્ટરનો શુભારંભ કરાવ્યો હતો. લાયોનેસ ક્લબ દ્વારા ૧૦ અને લાયન્સ ક્લબ દ્વારા ૪ ક્વેસ્ટ સેન્ટર શરૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સૌદામીનીબહેન, ઉષાબેન ગજ્જર, ક્વેસ્ટ ચેરમેન મીનાબેન ત્રિવેદી, લાયન્સ પ્રેસિડેન્ટ જયંતિભાઈ સહિત પૂર્વ પ્રમુખો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# યુવાનોને તાંત્રિક વ્યવસાયિક કુશળતા હાંસલ કરવા સૂચન

## ગુજરાત દેશ વિદેશના ઉદ્યોગકારો માટે મોડા મૂડીરોકાણ આદર્શ સ્થળ તરીકે ઉભરી રહ્યું છે : આનંદીબેનનો દાવો

અમદાવાદ, તા. ૨૫

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે, મૂડીનિવેશ માટેની શ્રેષ્ઠ મંઝિલ તરીકે ઉભરી રહેલા ગુજરાતમાં મોટાપાયે વિદેશી ઉદ્યોગકારો રોકાણ માટે આવી રહ્યા છે. ત્યારે આ ક્ષેત્રમાં ઊભી થનાર કુશળ કર્મચારીઓની માંગને પહોંચી વળવા ગુજરાતના યુવક યુવતિઓએ શિક્ષણ સાથે તાંત્રિક કૌશલ્ય હાંસલ કરવું અત્યંત આવશ્યક બની ગયું છે. તેમણે જણાવ્યું કે, ગુજરાતમાં આવી રહેલા વિપુલ રોજગારીના અવસરેને નજરમાં રાખીને સરકારે રાજયભરમાં શૃંખલાબધ્ધ કૌશલ્યવર્ધન કેન્દ્રો તથા આઈ ટી આઈનું નેટવર્ક પ્રસ્થપિત કર્યું છે ત્યારે સમાજના અગ્રણીઓ તથા શિક્ષણકારો વિદ્યાર્થીઓ આઈ ટી તથા તાંત્રિક ક્ષેત્રે તજજ્ઞ બને તે માટે યોગ્ય દોરવણી આપે તે નિતાંત આવશ્યક છે.

મુખ્યમંત્રીએ આજે વડોદરા જિલ્લાના કરજણ મુકામે રાજય સરકારની કિસાન કલ્પવૃક્ષ યોજના અંતર્ગત રૂ.આઠ કરોડના ખર્ચે નિર્માણ થયેલા સરદાર પટેલ માર્કેટ ભવનનું લોકાર્પણ કર્યું હતું. તેમણે ૨ કરોડના ખર્ચે સાકાર થયેલું ભરતમુનિ નાટયગૃહ તેમજ ૧૬૦ કરોડના ખર્ચે તૈયાર થયેલું તાલુકા પંચાયત ભવન પણ લોક સમર્પિત કર્યું હતું. તેમણે જણાવ્યું કે, જાહેરક્ષેત્રેની ઉચ્ચ સેવાઓ માટે ગુજરાતમાં માત્ર મેરિટના આધારે જ પસંદગી કરવામાં આવે છે. ગુજરાતી યુવાનો કઠોર, પરિશ્રમ લગની સતત અભ્યાસ-અધ્યન તથા પરીક્ષાલક્ષી તાલીમના શસ્ત્રો વડે આ સેવાઓમાં જોડાઈ શકે છે મુખ્યમંત્રી એ જણાવ્યું કે, વડાપ્રધાનના મેઈક ઈન ઈન્ડિયાના સંકલ્પને ચરિતાર્થ કરવા ગુજરાત વિદેશી મૂડી નિવેશકો માટે આદર્શ ફેસિલિટેટરની ભૂમિકા ભજવી રહ્યું છે.ત્યારે આ ભારે મૂડીરોકાણ સર્જાનાર વિપુલ રોજગારીની તકો ગુજરાતી યુવાનોએ ઝડપી લેવાની છે. રાજય સરકાર કિસાનોની જમીન પચાવી પાડીને ઉદ્યોગોને આપી રહી છે, તેવા પધ્ધતિસરના કુપ્રચારનો કરારો પ્રતયુત્તર વાળતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે, સરકાર ગુજરાતમાં આવનાર ઉદ્યોગોને શ્રેષ્ઠત્તમ માળખાકિય સુવિધાઓ પૂરી પાડવાની ભુમિકા જ અદા કરે છે ઉદ્યોગો કિસાનો સાથે બેસીને પરામર્શ કરીને ખેડુતોને સંતોષ થાય તેવી પોષણક્ષમ કિંમતો આપીને જમીનો ખરીદી શકે છે. તેમણે કિસાનો જેમ પોતાના પાકના સંવર્ધન માટે અવરોધરૂપ બનતા નિદામણને દુર કરે છે તેમ ગુજરાતની વિકાસયાત્રામાં આડે આવતા અવરોધધોને દુર કરીને પોતે ગુજરાતની વિકાસ નૈયાને સફળતાની મંઝિલે અચૂક પહોંચાડશે.



આનંદીબેન સ્વચ્છતા અભિયાન અંતર્ગત ઘરેઘર શૌચાલય બનાવવાની જાગૃત્તિ સમાજમાંઆવી છે. તેને બિરદાવતા જણાવ્યું કે, વડોદરાના શિનોર તાલુકાએ સંપૂર્ણપણે શૌચાલયની સુવિધા ધરાવતા તાલુકા તરીકે રાજયમાં અવલ ક્રમાંક હાંસલ કર્યો છે. ત્યારે એક મહિલા મુખ્યમંત્રી તરીકે સમગ્ર રાજયની મહિલાઓને શોચાલયવિહોણી શરમ-ક્ષોભજનક પરિસ્થિતિમાંથી બહાર લાવવા મારી જવાબદારી હું ઈચુક નિભાવીશ તેવી ખાતરી આપું છું. મુખ્યમંત્રીના હસ્તે કરજણ તાલુકાની કોલિયાદ પ્રાથમિક શાળાના ગ્રીન બિલ્ડીંગનું તેમજ શિનોર તાલુકાની સાધલી પ્રાથમિક શાળાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રાજયના નાણા અને ઊર્જા મંત્રી સૌરભભાઈ પટેલે આ પ્રસંગે સરકારની કિસાનલક્ષી નીતિ સ્પષ્ટ કરતાં જણાવ્યું કે, ગુજરાત સરકારે સગ્ર રાજયના ગામડાઓને વીજદીવડા વડે અવિરત ઝળહળતા રાખવા રાજયમાં ૧૫-૧૫ કિ.મી.ના અંતરે સબસ્ટેશનો સ્થાપવાની દિશામાં આગળ વધી રહી છે. સરકારે આ વર્ષે કિસાનોને ૪૪૦૦ કરોડની સબસિડી વીજળી માટે આપવાની છે. વરસાદ પાછો ખેંચાતા મુખ્યમંત્રીએ ખેડુતોને ૨ કલાક વધુ વીજળી આપવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.

# સોજા હાઈસ્કૂલના કચેરી અધિક્ષકનો વિદાય સમારોહ

ગાંધીનગર, તા. ૨૫

કલોલ તાલુકાના સોજા સ્થિત શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલમાં ફરજ બજાવતા કચેરી અધિક્ષક કલ્પેશભાઈ રાજપૂત વય નિવૃત્ત થતા સન્માન સહ વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો.



છેલ્લા ૩૬ વર્ષથી શાળામાં ફરજ બજાવતા કચેરી અધિક્ષક વય નિવૃત્ત થયા છે. કલ્પેશભાઈ કે. રાજપૂતે શાળા પરિવારને એવી તો લગની લગાવી હતી કે વિદાય વેળાએ કર્મચારીઓ ગંભીર દેખાતા હતા. કલ્પેશભાઈની સેવાઓની કદર કરવા માટે વિદાય સમારોહમાં કિરીટભાઈ પટેલ, ઘનશ્યામસિંહ વાઘેલા, બળદેવજી ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

સન્માન સમારોહમાં શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ ગામના અગ્રણીઓ કે. કે. રાજપૂતને સ્મૃતિ ચિહ્ન આપી નિવૃત્ત જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે રાજપૂતે વકતવ્ય આપતા શાળા પરિવારનો આભાર વ્યક્તકર્યો હતો.

# સમાજ સેવા કાર્યો માટે પુરસ્કારોથી સન્માનિત

અમદાવાદ, તા. ૨૫

ગુજરાતના રાજયપાલ ઓપી કોહલીએ ગઈકાલે રાજભવન ખાતે યોજાયેલા સમારોહમાં વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત વિશિષ્ટ વ્યક્તિઓને સમાજ સેવાના ઉમદા કાર્યો માટે ગ્લોરી ઓફ ગુજરાત પરસ્કારોથી સન્માનિત કર્યા હતા. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ સોશિયલ વેલ્ફેર, ગુજરાત દ્વારા આયોજિ ગ્લોરી ઓફ ગુજરાત રજત જયંતિ સમારોહમાં ઉદબોધન કરતા રાજયપાલ ઓપી કોહલીએ જણાવ્યું હતું કે, બંધુઓની સેવા કરવાના ઉમદા કાર્યોને સમર્પિત નિષ્ઠાવાન પ્રતિભાઓનું સાર્વજનિક સન્માન કરવું આવશ્યક છે. તેમણે કહ્યું કે, સમાજના દુખી-નિર્ધનોની સેવા એજ ધર્મ છે. કેમ કે કર્મ આચરણમાં ઢળી સેવા બને છે. નૈતિકતા એ કર્તવ્યની ભાવના વ્યક્ત કરે છે. વ્યક્તિ જ્યારે બીજા માટે ઉપયોગી બનવા માટે જે નૈતિકતા દાખવે છે તે સેવા કર્તવ્યની ભાવનાને ઉજાગર કરે છે. આપણા સંતો મનીષીઓ પણ ઈશ્વર પ્રાપ્તિ માટે સેવા યજ્ઞને જ માધ્યમ માને છે.